મહેસૂલ વિભાગ

માંગણીઓ પરની ચર્ચા વખતે

વિધાનસભા ગૃહમાં

માનનીય ધારાસભ્ય શ્રી ઉદય કાગવડ (૬૮–રાજકોટ પૂર્વ) એ

આપવાનું વક્તવ્ય

વિષય:– મહેસૂલ વિભાગની રાહત અંગે  કામગીરી

તારીખ... /૦૨/૨૦૨૪  ....વાર

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માંગણી સંદર્ભે મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માંગુ છું.

- માનનીય અધ્યક્ષશ્રી,રાજયમાં જૂન–૨૦૨૩માં અરેબિયન દરિયાનું સૌથી લાંબુ વાવાઝોડું બિપોરજોય કચ્છના જખૌ ખાતે ત્રાટકેલ હતું. સાયકલોનનો રૂટ બદલાતો રહેતો હતો અને દરિયા કિનારાના પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છ સહિત તમામ જિલ્લામાં એક સાથે તમામ પ્રકારની કામગીરી કરવી એ મોટી ચેલેન્જ હતી.
- મા.મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યના ૦૯ મંત્રીઓને જિલ્લા વહીવટી તંત્રએ કરેલ આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીમાં માર્ગદર્શન આપવા અને મદદરૂપ થવા જુદા જુદા જિલ્લાની જવાબદારી સોંપવામાં આવેલ.
- સરકારશ્રી દ્વારા પ્રોએક્ટિવ અભિગમ અપનાવીને અધિકારીશ્રીઓની ટીમો દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળાંતર સુનિશ્ચિત કરવામાં આવેલ અને આવશ્યક સેવાઓની જાળવણી સુનિશ્ચિત કરવામાં આવેલ મોટા હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા.
- તમામ લાઈન વિભાગો દ્વારા ક્વિક રિસ્પોન્સ ટીમોની રચના કરવામાં આવેલ હતી.
- NDRF/SDRF,એરફોર્સ, નેવી, આર્મી, કોસ્ટગાર્ડ સહિતની સ્ટેટ/ સેન્ટ્રલ એજન્સીઓ મદદમાં લીધી હતી જેને કારણે એક પણ માનવમૃત્યુ  થયેલ ન હતુ.
- મોટા દરિયાઈ વહાણ સાયકલોન વિસ્તારની બહાર પાર્ક કરવામાં આવ્યા હતા.
- તમામ ધાર્મિક સ્થાનો તેમજ રોપ–વે બંધ કરવામાં આવ્યા હતા.
- ગુજરાતના ઈતિહાસમાં સૌથી વધુ ૧.૫૬ લાખ લોકોને શિફ્ટ કરવામાં આવેલ.
- આગોતરા જરૂરી તમામ ઝાડને ટ્રીમ કરવામાં આવેલ.

- દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, શેલ્ટર હોમમાં એનજીઓની મદદથી જીવંત રસોડાની સ્થાપના કરવામાં આવી હતી અને ગરમ રાંધેલું ભોજન પીરસવામાં આવ્યું હતું.
- કુલ ૪૩૧૭ હોર્ડીંસ તેમજ તેના ઢાંચાને દૂર કરવા
- અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોબાઈલ ઓપરેટર પોર્ટેબિલિટીની સુવિધા અને કુલ ૧૬૦૨ મોબાઈલ ટાવર રીસ્ટોર કરવામાં આવેલ.
- જેસીબી, ટ્રેક્ટર, ડમ્પર, કટર વગેરે જેવી ઉપલબ્ધ મશીનરીનું મેપિંગ અને રસ્તાઓ પરથી વૃક્ષો દૂર કરવા માટે પર્યાપ્ત મજૂરોને કારણે ૧૩૮૧૫ વૃક્ષોને ૨૪ કલાકની અંદર રસ્તા પરથી દૂર કરવામાં આવેલ.
- કુલ ૧૯૬૬૭ ઈલેક્ટ્રિક પોલ, ૭૪૦.૨ Km HT Lines, ૨૩૦.૨૨ LT Line, ૮૯૮૭ Feeders, ૬૭૦ TCsની ઈલેક્ટ્રિકની કામગીરી કરવામાં આવેલ છે.
- જિલ્લામાં લોકો પર ચક્રવાતની અસરનું પૃથ્થકરણ કરવા માટે 108 ઈમરજન્સી કોલના ડેટાનો ઉપયોગ કરાયેલ છે.
- માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ વિભાગો એક–બીજાના સતત સંકલનમાં રહીને બિપોરજોય વાવાઝોડા દરમ્યાન ઉત્તમ ટીમ વર્કનું ઉદાહરણ પૂરું પાડેલ. (Co-ordination and Team Work)
- ઊર્જા અને વીજ પુરવઠો સજ્જતા વધારવા માટે અસરગ્રસ્ત જિલ્લાઓએ વીજળીના થાંભલા, કેબલ (કિમી), ડીપી, ટાવર અને કંડક્ટરનો સંગ્રહ કર્યો હતો.
- PGVCL એ 8 જિલ્લામાં 597 ટીમો તૈનાત કરી હતી, જ્યારે GETCO એ 714 સબસ્ટેશનમાં 51 ટીમો તૈનાત કરી હતી.
- વધુમાં, 889 PGVCL અને 81 GETCO સ્ટેન્ડબાય ટીમો ઝડપી પ્રતિસાદ અને પાવર પુનઃસ્થાપન માટે આસપાસના જિલ્લાઓમાં મૂકવામાં આવી હતી.
- આ પગલાંનો ઉદ્દેશ કાર્યક્ષમ સંચાલન અને વીજળી પુરવઠા પર ન્યૂનતમ અસર સુનિશ્ચિત કરવાનો છે.

- આરોગ્ય સંભાળની જરૂરિયાતોને પહોંચી વળવા, અસરગ્રસ્ત જિલ્લાઓમાં આવશ્યક દવાઓ અને લોજિસ્ટિક્સનો પૂરતો સ્ટોક અગાઉથી પૂરો પાડવામાં આવ્યો હતો.
- NDRF/SDRF ઝડપી શોધ અને બચાવ કામગીરીને સરળ બનાવવા માટે, કુલ 19 NDRF ટીમો અને 13 SDRF ટીમોને વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ સ્થળોએ તૈનાત કરવામાં આવી હતી.
- પાણી પુરવઠા ભારે વરસાદ અથવા ભારે પવન દરમિયાન વીજ પુરવઠાના વિક્ષેપની અસરને ઘટાડવા માટે, અસરગ્રસ્ત જિલ્લાઓમાં અવિરત પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં કુલ 25 જનરેટર સેટ સ્ટેન્ડબાય પર મૂકવામાં આવ્યા હતા.
- રોડ અને બિલ્ડીંગ વૃક્ષો પડવાની સંભવિત અસરને પહોંચી વળવા અને રોડ કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવા માટે, રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગે જરૂરી મશીનરી અને ડીઝલ જનરેટરથી સજ્જ સમર્પિત ટીમો તૈનાત કરીને સક્રિય પગલાં લીધાં છે.
- જીએમબી / ફિશરીઝ 21,595 બોટનો કાફલો દરિયાકાંઠાના વિસ્તારમાં પાર્ક કરવામાં આવ્યો હતો, જ્યારે તમામ જહાજોને કચ્છના અખાત અને ખંભાતના અખાતમાં બર્થ પર સુરક્ષિત રીતે ડોક કરવામાં આવ્યા હતા.
- વિજ્ઞાન અને ટેક્નોલોજી સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોબાઈલ સેવા પોર્ટેબિલિટીની સુવિધા આપી, વપરાશકર્તાઓને તેમના સબ્સ્ક્રાઇબ કરેલા નેટવર્કમાં કોઈ સેવા અથવા અસ્થાયી વિક્ષેપના કિસ્સામાં મેન્યુઅલી અન્ય ટેલિકોમ ઓપરેટર પર સ્વિચ કરવાની મંજૂરી આપી.
- તમામ જિલ્લા વહીવટી તંત્રએ ખડેપગે રહીને જરૂરી તમામ વ્યવસ્થા તેમજ આયોજન કરેલ.

- સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરએ દરેક વિભાગ, બચાવ કામગીરી સાથે સંકળાયેલ તમામ ટીમો, સેન્ટ્રલ એજન્સીઓ સાથે સતત સંપર્કમાં રહીને સંકલન કરેલ.
- માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય મળે તે માટે બિપોરજોય વાવાઝોડા દરમ્યાન તા.૧૬/૦૬/૨૦૨૩ના ઠરાવથી કેશડોલ્સ રોકડમાં ચુકવી આપવા માટે ઠરાવવામાં આવેલ છે. જે સંદર્ભે બિપોરજોય વાવાઝોડા દરમ્યાન તેમજ ચોમાસુ–૨૦૨૩ દરમ્યાન રૂ.૪,૬૬,૭૭,૦૦૦/–જેટલી કેશડોલ્સ વિવિધ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચુકવી આપવામાં આવેલ છે. બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત કચ્છ, દેવભૂમિદ્વારકા અને જૂનાગઢ જિલ્લાના માલધારીઓને નુક્સાન થયેલ જેના કારણે માલઢોર માટે રાખેલ ઘાસચારો અને ખોળ બગડી જતા માલધારીઓના માલઢોરને ઘાસની જરૂરિયાતની પરિસ્થિતિ ઉભી થયેલ જેના અનુસંધાને પ્રતિ દિન ૪ કિગ્રા પ્રતિ પશુ ઘાસ કુટુંબ દીઠ ૦૫ (પાંચ) પશુની મર્યાદામાં વિના મૂલ્યે વિતરિત કરવાની અને આ ઘાસ એકસામટું ૭ (સાત) દિવસ માટે આપવામાં આવેલ છે. બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કપડા–ઘરવખરી અને મકાન સહાય સત્વરે ચુકવી આપવા સારુ તા.૨૦/૦૬/૨૦૨૩ના ઠરાવથી ભારત સરકારના ધોરણો ઉપરાંત રાજ્ય સરકારના બજેટમાંથી પણ સહાયની રકમ ચુકવવા ઠરાવ કરવામાં આવેલ.
- આ ઉપરાંત, વર્ષ–૨૦૨૩માં રાજ્યમાં આવેલ વિવિધ કુદરતી આપત્તિ દરમ્યાન રૂ.૬,૩૨,૧૪,૭૦૦/– માનવમૃત્યુ માટે, રૂ.૬,૧૪,૬૦,૦૦૦/– બચાવ–પરિવહન ખર્ચ પેટે, રૂ.૮,૨૪,૦૦,૦૦૦/–મકાન–ઝુંપડા સહાય પેટે, રૂ.૧૬,૦૦,૦૦૦/– માછીમારી માટે નુક્સાન પામેલ હોડીના સમારકામ માટે, રૂ.૩૭૧,૮૫,૩૧,૪૦૦/– ખેડૂતોને થયેલ પાક નુકશાનીના સહાય પેટે સત્વરે સહાયની રકમ ચુકવણી કરી આપવામાં આવેલ છે.